# ટોચની ૭ કંપનીઓની માર્કેટ મૂડી ૩૦૦૯૮ કરોડ ઘટી

## કોની માર્કેટ મૂડી ઘટી

મુંબઈ,તા. ૩૦

સપ્તાહ દરમિયાન સેન્સેક્સની ટોચની સાત કંપનીઓની માર્કેટ મૂડીમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. ઓએનજીસીની માર્કેટ મુડીમાં ૧૧૦૮૦ કરોડનો મોટો ઘટાડો થયો છે. કઈ કંપનીની માર્કેટ મુડીમાં કેટલો ઘટાડો થયો તેનો આંકડો નીચે મુજબ છે.

| કંપની | માર્કેટ મૂડીમાં ઘટાડો | કુલ માર્કેટ મૂડી |
|---|---|---|
| ઓએનજીસી | ૧૧૦૮૦ | ૨૩૯૮૯૫ |
| કોલઈન્ડિયા | ૭૮૬૪ | ૨૨૭૦૪૧ |
| રિલાયન્સ ઈન્ડ. | ૪૨૭૧ | ૨૭૦૭૧૬ |
| ઈન્ફોસિસ | ૩૪૮૨ | ૧૪૫૫૧૦ |
| ટીસીએસ | ૧૮૨૦ | ૨૫૩૨૬૪ |
| આઈસીઆઈસીઆઈ | ૯૨૨ | ૧૨૧૮૯૯ |
| એનટીપીસી | ૬૫૯ | ૧૩૮૪૦૦ |

નોંધ :- તમામ આંકડા કરોડમાં છે.

## ઓએનજીસીની મુડીમાં ૧૧૦૮૦ કરોડનો ઘટાડો : આઈટીસીસી, એસબીઆ તેમજ એચડીએફસી બેંકની માર્કેટ મુડીમાં છેલ્લાં સપ્તાહ દરમિયાન વધારો પણ થયો

નવી દિલ્હી,તા. ૩૦

શેરબજારમાં છેલ્લાં સપ્તાહ દરમિયાન ટોચની સાત કંપનીઓની માર્કેટમૂડીમાં ૩૦૦૯૮ કરોડ રૂપિયાનો ઘટાડો નોંધાયો છે. શેરબજારમાં હાલ રહેલી ઉથલ-પાથલનાં પરિણામ સ્વરૂપે કંપનીઓની માર્કેટ મુડીમાં ઘટાડો થયો છે. એનર્જીની મહાકાય કંપની ઓએનજીસીની માર્કેટ મુડીમાં ૧૧૦૮૦ કરોડ રૂપિયાનો મોટો ઘટાડો નોંધાયો છે. જોકે છેલ્લાં સપ્તાહ દરમિયાન આઈટીસી, એસબીઆઈ, એચડીએફસી બેંકની માર્કેટ મુડીમાં ઉલ્લેખનીય વધારો થયો છે. બીએસઈ ૩૦ સ્ટોક એક્સચેંજ ઈન્ડેક્ષમાં છેલ્લાં સપ્તાહમાં ૦.૦૫ ટકાનો નજીવો વધારો થયો હતો. ઓએનજીસીની માર્કેટ મુડીમાં ૧૧૦૮૦ કરોડ રૂપિયાનો ઘટાડો થયો હતો જેથી તેની માર્કેટ મુડી ઘટીને ૨૩૯૮૯૫ કરોડ સુધી પહોંચી ગઈ છે જ્યારે કોલ ઈન્ડિયાની માર્કેટ મુડી ૭૮૬૪ કરોડ ઘટીને ૨૨૭૦૪૧ કરોડ થઈ ગઈ છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રી, ઈન્ફોસિસ, ટીસીએસની માર્કેટ મુડીમાં પણ ઉલ્લેખનીય ઘટાડો થયો છે. રિલાયન્સની માર્કેટ મુડીમાં ૪૨૭૧ કરોડનો ઘટાડો નોંધાયો છે જ્યારે ઈન્ફોસિસની માર્કેટ મુડીમાં ૩૪૮૨ કરોડ રૂપિયાનો ઘટાડો થયો છે. આવીજ રીતે ટીસીએસની માર્કેટ મુડીમાં ૧૮૨૦ કરોડનો ઘટાડો થયો છે. અન્ય જે કંપનીની માર્કેટ મુડીમાં ઘટાડો થયો છે તેમાં આઈસીઆઈસીઆઈ બેંકની માર્કેટ મુડીમાં ૯૨૨ કરોડ રૂપિયાનો ઘટાડો થતાં તેની માર્કેટ મુડી ઘટીને ૧૨૧૮૯૯ કરોડ થઈ ગઈ છે જ્યારે એનટીપીસીની માર્કેટ મુડીમાં ૬૫૯ કરોડનો ઘટાડો થયો છે જેથી તેની માર્કેટ મુડી ૮૩૮૪૦૦ કરોડ સુધી થઈ ગઈ છે. બીજીબાજી કેટલીક કંપનીઓની માર્કેટ મુડીમાં વધારો થયો છે જેમાં એફએમસીજીની મહાકાય કંપની આઈટીસીની માર્કેટ મુડીમાં ૮૦૪૦ કરોડનો વધારો થયો છે જેથી તેની માર્કેટ મુડી વધીને ૨૧૩૨૯૪ કરોડ સુધી પહોંચી ગઈ છે.

બીજીબાજુ એસબીઆઈની માર્કેટમુડીમાં ૧૬૯૮ કરોડનો વધારો થયો છે જેથી તેની માર્કેટ મુડી વધીને ૧૫૦૧૭૩ કરોડ રૂપિયા થઈ ગઈ છે. એચડીએફસી બેંકની માર્કેટ મુડીમાં ૮૧૪ કરોડ રૂપિયાનો વધારો નોંધાયો છે જેથી તેની મુડીમાં પણ ઉલ્લેખનીય વધારો થયો છે.

છેલ્લાં સપ્તાહ દરમિયાન ટોચની ૧૦ કંપનીઓમાં આરઆઈએલ પ્રથમ સ્થાને છે. ત્યારબાદ ટીસીએસ, ઓએનજીસી, સીઆઈએલ, આઈટીસી, એસબીઆઈ, એચડીએફસી બેંક, ઈન્ફોસિસ, એનટીપીસી ઉપરાંત આઈસીઆઈસીઆઈ બેંકનો સમાવેશ થાય છે. શેરબજારમાં મોટાભાગની કંપનીઓની મુડીમાં છેલ્લાં સપ્તાહ દરમિયાન ઉથલ-પાથલ જોવા મળી હતી. સાત કંપનીઓની માર્કેટ મુડી ઘટી છે જ્યારે ટોચની ત્રણ કંપનીઓની માર્કેટ મુડીમાં વધારો થયો છે.

## કોની માર્કેટ મૂડી વધી

મુંબઈ,તા. ૩૦

સપ્તાહ દરમિયાન સેન્સેક્સની ટોચની ૧૦ કંપનીઓ પૈકી ત્રણ કંપનીઓની માર્કેટ મુડીમાં વધારો થયો છે. જે કંપનીની માર્કેટ મુડીમાં વધારો થયો છે તેમાં આઈટીસી, એસબીઆઈ અને એચડીએફસી બેંકનો સમાવેશ થાય છે. સપ્તાહ દરમિયાન ઘણી ટોચની કંપનીઓમાં ભારે ઉથલ-પાથલ જોવા મળી છે. શેરબજારમાં હાલ પ્રવર્તી રહેલી સ્થિતિની સીધી અસર કંપનીઓ પર જોવા મળી છે. સરકાર દ્વારા લેવામાં આવેલાં આર્થિક સુધારા અંગેના પગલાંની અસર બજાર પર હકારાત્મક નોંધાઈ છે. છેલ્લાં સપ્તાહ દરમિયાન સેન્સેક્સમાં ૦.૦૫ ટકાનો વધારો થયો છે.

| કંપની | માર્કેટ મૂડીમાં વધારો | કુલ માર્કેટ મૂડી |
|---|---|---|
| આઈટીસી | ૮૦૪૦ | ૨૧૩૨૯૪ |
| એસબીઆઈ | ૧૬૯૮ | ૧૫૦૧૭૩ |
| એચડીએફસી બેંક | ૮૧૪ | ૧૪૮૨૫૮ |

નોંધ :- તમામ આંકડા કરોડમાં છે.

## સપ્ટેમ્બરમાં FII દ્વારા ૧૯૦૦૦ કરોડ આવ્યાં

નવી દિલ્હી,તા. ૩૦

સપ્ટેમ્બર મહિનામાં ભારતીય શેરબજારમાં વિદેશી રોકાણકારોએ ૧૯૦૦૦ કરોડ અથવા તો ૩.૫ અબજ ડોલરની રકમ ઠાલવી છે જે સાત મહિનાનાં ગાળામાં સૌથી જંગી માસિક મુડી પ્રવાહ છે. સરકાર દ્વારા લેવામાં આવેલાં સાહસી આર્થિક સુધારાઓનાં પરિણામ સ્વરૂપે વિદેશી મુડી પ્રવાહમાં પણ વધારો થયો છે. એફઆઈઆઈ દ્વારા ૧૯૦૦૦ કરોડ રૂપિયા બજારમાં ઠાલવવામાં આવ્યાં છે. દેશનાં ઈક્વિટી માર્કેટમાં એફઆઈઆઈ મુડી રોકાણ ૮૨૩૩૧ કરોડ સુધી પહોંચી ગયું છે જ્યારે ડેપ્ટ માર્કેટમાં રોકાણ ૨૫૧૪૦ કરોડ અથવા તો પાંચ અબજ ડોલર સુધી પહોંચી ગયું છે. માર્કેટ રેગ્યુલેટર સેબી સમક્ષ ઉપલબ્ધ આંકડામાં જણાવાયું છે કે, સપ્ટેમ્બર મહિનામાં વિદેશી સંસ્થાકીય મુડી રોકાણકારોએ ૬૬૭૫૨ કરોડ રૂપિયાની કિંમતમનાં શેરની ખરીદી કરી છે જ્યારે ૪૭૪૫૧ કરોડ રૂપિયાની કિંમતનાં શેરનું વેચાણ કર્યું છે. ફેબ્રુઆરી મહિના બાદથી શેરબજારમાં એફઆઈઆઈ દ્વારા સૌથી જંગી મુડી રોકાણ કરવામાં આવ્યું છે. ફેબ્રુઆરી મહિનામાં વિદેશી મુડી રોકાણકારોએ ૨૫૨૧૨ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું. ઉપરાંત ઓગસ્ટ મહિનામાં એફઆઈઆઈ દ્વારા ૧૦૮૦૪ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતાં, આવીજ રીતે જુલાઈ મહિનામાં ૧૦૨૭૩ કરોડ રૂપિયા ઠાલવવામાં આવ્યા હતાં.

## રૂપિયો મજબૂત થતાં સોનાની કિંમત ઘટવાનાં સ્પષ્ટ એંધાણ

### સોનાની કિંમત ૩૦૫૦૦-૩૧૦૦૦ વચ્ચે રહે તેવી વકી

નવી દિલ્હી,તા. ૩૦

શેરબજારની સાથે સાથે આવતીકાલથી શરૂ થતાં નવા કારોબારી સેશનમાં સોનામાં સ્થિરતા રહેવાનાં સંકેત દેખાઈ રહ્યાં છે. કારોબારનાં છેલ્લાં દિવસે સોનાની કિંમત ૩૧૦૦૦ ઉપર રહી હતી પરંતુ નવા સપ્તાહમાં તેમાં ઘટાડો થઈ શકે છે. સોનાની કિંમત રૂપિયો મજબુત બનતાં ૩૦૫૦૦થી ૩૧૦૦૦ સુધી વચ્ચે રહી શકે છે. અમદાવાદ બુલિયન બજારમાં સોનાની કિંમત કારોબારનાં છેલ્લાં દિવસે ૫૦ રૂપિયા ઘટીને ૩૧૭૦૦ થી ૩૧૮૦૦ વચ્ચે રહી હતી. જાણકાર નિષ્ણાંતોનું કહેવું છે કે, સોનાની કિંમતમાં રૂપિયો મજબુત બનવાનાં કારણે આંશિક ઘટાડો થઈ શકે છે. સરકાર દ્વારા હાલ હાથ ધરવામાં આવેલાં શ્રેણીબદ્ધ સુધારા પગલાનાં કારણે રૂપિયો મજબૂત બની રહ્યો છે જેની સીધી અસર સોના ઉપર થઈ છે. રૂપિયો મજબુત બનતાં સ્થાનિક માર્કેટમાં સોનાની કિંમત ઘટી છે. જો રૂપિયો ડૉલર સામે કારોબારી સેશનમાં ફરી મજબુત બનશે તો સોનાની કિંમત ટુંકા ગાળામાં ઘટીને ૩૦૫૦૦ની નીચી સપાટીએ આવી શકે છે. સરકારે હાલમાં જ ડીઝલની કિંમતમાં વધારો ઝીંક્યો છે. આ ઉપરાંત મલ્ટી બ્રાન્ડ રિટેલમાં એફડીઆઈની જાહેરાત કરી છે.

ઉડ્ડયનમાં પણ એફડીઆઈની જાહેરાત કરી છે. સ્થાનિક માર્કેટમાં ફંડ પ્રવાહની સ્થિતિ મજબુત બની રહી છે. મુંબઈમાં સોનાની કિંમત સ્થાનિક બજારમાં પ્રતિ દસ ગ્રામ ૩૧૨૦૦ની આસપાસ છે જ્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાની કિંમત ઔંશ દીઠ ૧૭૭૦ની સપાટીએ છે. સોનામાં ઘટાડો થશે તેવી આશા વચ્ચે લોકો ખરીદી માટે આગળ વધે તેમ માનવામાં આવે છે. વૈશ્વિક બજારમાં સોનામાં ઉથલ-પાથલ વચ્ચે કિંમત ૩૧૦૦૦ની આસપાસ રહેવાની શક્યતા છે. રૂપિયામાં ઉથલ-પાથલની સ્થિતિ વચ્ચે શેરબજારમાં પણ ચાલુ સપ્તાહ દરમિયાન સુધારાનાં સંકેત દેખાઈ રહ્યાં છે. વૈશ્વિક બજારોમાં ઘણાં બધાં પરિબળોની અસર બજાર ઉપર દેખાઈ રહી છે. એકબાજુ અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણી અને બીજીબાજુ યુરોઝોનમાં પ્રવર્તી રહેલી કટોકટીની અસર પણ દેખાઈ રહી છે. આવી સ્થિતિમાં ડોલર સામે રૂપિયો મજબુત બને તેવા પ્રયાસો કરાઈ રહ્યાં છે. રૂપિયાનાં અવમૂલ્યનને રોકવા સરકાર દ્વારા પગલાં લેવાયા છે.

## ભારે સસ્પેન્સની વચ્ચે GAAR પેનલ આજે અંતિમ હેવાલ સોંપશે

### કરવેરા સાથે સંબંધિત મુદ્દાઓમાં તપાસ કરનાર સોમ પેનલનાં અહેવાલમાં અનેક બાબતોનો ઉલ્લેખ : પેનલે જોગવાઈઓ મૌકુફ રાખવા ભલામણ કરી

નવીદિલ્હી,તા. ૩૦

જનરલ એન્ટી એવોયડન્સ રૂલ્સ (જીએએઆર) સાથે સંબંધિત કરવેરા મુદ્દાઓમાં તપાસ કરવા માટે બનાવવામાં આવેલી પાર્થસારથી સોમ પેનલ આવતીકાલે નાણામંત્રી પી.ચિદમ્બરમને તેનો અંતિમ અહેવાલ સુપ્રત કરે તેવી શક્યતા છે. આ કમિટિએ તેનાં મુસદ્દા અહેવાલમાં વિવાદાસ્પદ ટેક્સ જોગવાઈઓને ત્રણ વર્ષ સુધી મૌકુફ રાખવાની ભલામણ કરી હતી. નાણામંત્રાલયમાં ઉચ્ચ સ્તરીય સૂત્રોએ માહિતી આપતાં કહ્યું છે કે, પાર્થસારથી સોમ કમિટિનો અંતિમ અહેવાલ પહેલી ઓક્ટોબર ૨૦૧૨નાં દિવસે નાણાં પ્રધાનને સુપ્રત કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, જીએએઆર અંગે સ્થાનિક અને વિદેશી રોકાણકારોની ચિંતાઓને દૂર કરવા તથા તેમની ચિંતાઓમાં ધ્યાન આપવા કરવેરા નિષ્ણાંત પાર્થસારથી સોમનાં નેતૃત્વ હેઠળ એક કમિટીની રચના વડાપ્રધાન મનમોહનસિંહ દ્વારા જુલાઈ મહિનામાં કરવામાં આવી હતી. આ કમિટિએ પહેલી સપ્ટેમ્બરે ચિદમ્બરમને તેનો મુસદ્દા અહેવાલ સુપ્રત કરી દીધો હતો. સરકારે ત્યારબાદ જીએએઆર અંગે નિષ્ણાંત સમિતિનાં ક્ષેત્રને વધુ વિસ્તૃત બનાવવાની જાહેરાત કરી હતી. આમાં તમામ નોન રેસીડેન્શિયલ ટેક્સ ચુકવણી કરનાર લોકોની ચિંતાને પણ આવરી લેવામાં આવી હતી. મુસદ્દા અહેવાલમાં કમિટિએ ત્રણ વર્ષ સુધી વિવાદાસ્પદ ટેક્સ જોગવાઈઓને મૌકુફ કરી દેવા તથા સિક્યુરિટીનાં ટ્રાન્સફર અંગે કેપિટલ ગેઈન ટેક્સની નાબુદીની ભલામણ પણ કરી હતી. મોરેશિયસ સ્થિત રોકાણકારોની ચિંતાને દૂર કરવાનાં હેતુસર સોમ પેનલે એવું સૂચન કર્યુ હતું કે, જીએએઆરની જોગવાઈઓમાં મોરેશિયસમાં સ્થાપિત કંપનીઓની રેસીડન્સીની પ્રામાણિકતા ચકાસવી જોઈએ નહીં. મુસદ્દા અહેવાલમાં વધુમાં જણાવાયું હતું કે, સરકારે સીબીડીટી પરિપત્રની જોગવાઈઓને જારી રાખવી જોઈએ. પરિપત્ર ૨૦૦૦માં જારી કરવામાં આવ્યો હતો જેમાં મોરેશિયમ દ્વારા જારી કરવામાં આવતાં ટેક્સ રેસીડન્સ સર્ટિફિકેટ (ટીઆરસી)નાં સ્વીકાર્યની વાત કરવામાં આવી હતી. વધુમાં આ પેનલે એવું સૂચન કર્યુ હતું કે, સરકારે નવા પાસાઓ ઉમેરીને જીએએઆરની જોગવાઈઓને વધુ સ્પષ્ટ કરવા પરિપત્ર જારી કરવાની જરૂર છે. કમિટિએ ભલામણ કરી હતી કે, જો જીએએઆર અંગે સર્વસંમતિ સધાશે તો વધારે રાહત થશે. મુડી રોકાણકારો દ્વારા વ્યક્ત કરવામાં આવેલી ચિંતાઓનાં અનુસંધાનમાં સરકારે એપ્રિલ-૨૦૧૩ સુધી એટલે કે એક વર્ષ માટે જીએએઆરનાં અમલીકરણને મૌકુફ રાખવાનો નિર્ણય પહેલાંથી જ કરવામાં આવી ચૂક્યો છે. આ દરખાસ્તો તત્કાલીન નાણામંત્રી પ્રણવ મુખર્જી દ્વારા વર્ષ ૧૨-૧૩ માટેનાં બજેટમાં રજુ કરાઈ હતી.

## કૃષ્ણાની ક્લિન્ટન સાથે આજે ચર્ચા : વિઝા ફી મુદ્દો છવાશે

નવીદિલ્હી,તા. ૩૦

ભારતનાં વિદેશ મંત્રી એસ.એમ.કૃષ્ણા આવતીકાલે અમેરિકાનાં વિદેશ પ્રધાન હિલેરી ક્લિન્ટન સાથે વાતચીત કરનાર છે. આ વાતચીતમાં ભારત વિઝા ફીમાં હાલમાં જ કરવામાં આવેલાં જંગી વધારાનો મુદ્દો જોરદાર રીતે ઉઠાવશે. સંયુક્તરાષ્ટ્ર મહાસભાના ભાગરૂપે આ બંને વચ્ચે મિટિંગ યોજાનાર છે. અમેરિકાએ વિઝા ફીમાં જંગી વધારો ઝીંકી દેતા ભારતીય આઈટી કંપનીઓને મોટો ફટકો પડ્યો હતો. આઈટી કંપનીઓ તરફથી જોરદાર લોબિંગ ચલાવવામાં આવ્યા બાદ આવતીકાલે એસ.એમ.કૃષ્ણા હિલેરી ક્લિન્ટન ઉપર દબાણ લાવે તેવી શક્યતા છે. સત્તાવાર સૂત્રોનાં જણાવ્યા મુજબ ભારતે અમેરિકા સાથે વિઝા ફી વધારાનાં મુદ્દે જ્યારે પણ મંચ મળ્યો છે ત્યારે આ મુદ્દો ઉઠાવીને અમેરિકા પર દબાણ વધાર્યુ છે. અગાઉ પણ વિઝા ફીમાં વધારાનાં મુદ્દે ચર્ચા કરવામાં આવી ચૂકી છે.અત્રે ઉલ્લેખનીય છે કે, અમેરિકાએ મેક્સિકો સાથેની સરહદની સુરક્ષા માટે વધી ગયેલા ખર્ચને પહોંચી વળવા ૨૦૧૦માં વિઝા ફીમાં વધારો કર્યો હતો. બોર્ડર સિક્યુરિટી એક્ટ હેઠળ આ વિઝા ફીમાં વધારો કરવામાં આવ્યો હતો. અત્રે નોંધનીય છે કે, અમેરિકાએ વિઝા ફીમાં વધારો કરતાં ટોચની ભારતીય કંપનીઓ ટીસીએસ, ઈન્ફોસિસ, વિપ્રો, મહિન્દ્રા સત્યમને મોટો ફટકો પડ્યો હતો.

આ તમામ કંપનીઓનાં દબાણ બાદ ભારત આ મુદ્દે અમેરિકા સમક્ષ ચર્ચા કરવાનાં ફરી મુડમાં છે. ઉપરાંત વિશ્વ વ્યાપાર સંગઠનમાં પણ અમેરિકા સામે ભારત વાંધો ઉઠાવે તેવી શક્યતા છે. અમેરિકામાં કામ કરતાં યુવા ભારતીય પ્રોફેશનલોને આનાં લીધે અસર થઈ રહી છે. ભારત અને અમેરિકા વચ્ચેનાં સંબંધોમાં પણ વિઝા ફી વધારાનો મામલો જટીલ બની ચૂક્યો છે. દ્વિપક્ષીય સંબંધોને સુધારવા માટે આધાર તરીકે આને ગણવામાં આવે છે. વિઝા ફીમાં વધારો અથવા તો ભારતીય કંપનીઓને ઉપલબ્ધ વર્કવિઝાની સંખ્યા મર્યાદિત કરવાનો મામલો સંબંધો આડે અડચણરૂપ છે. વિઝા ફીમાં વધારાથી નવી અડચણો ઉભી થઈ છે. આ વર્ષમાં હિલેરી ક્લિન્ટન અને એસ.એમ.કૃષ્ણા વચ્ચે આ ત્રીજી દ્વિપક્ષીય બેઠક હશે.

## સ્પેક્ટ્રમ અંગે ત્રીજીએ બેઠક મળશે

નવીદિલ્હી,તા. ૩૦

નાણાં મંત્રી પી.ચિદમ્બરમનાં નેતૃત્વમાં ટેલિકોમ અંગે એમ્પાવર્ડ ગ્રુપ ઓફ મિનિસ્ટર્સની મિટિંગ ત્રીજી ઓક્ટોબરે મળનાર છે જેમાં પ્રવર્તમાન ટેલિકોમ ઓપરેટરો દ્વારા જાળવી રાખવામાં આવેલાં સ્પેક્ટ્રમ અંગે વનટાઈમ ફીનાં મહત્વપૂર્ણ મુદ્દા અંગે નિર્ણય લેવામાં આવશે. મૂળભુત રીતે આ મિટિંગ પહેલાં યોજાનાર હતી પરંતુ જુદાં જુદાં કારણોસર આ બેઠક યોજાઈ શકી નહતી. હવે ત્રીજી ઓક્ટોબરનાં દિવસે આ બેઠક યોજાશે. બેઠક માટે વાત કરતાં એક સરકારી અધિકારીએ માહિતી આપતાં કહ્યું છે કે, નાણામંત્રી બેઠકમાં વનટાઈમ ફીનાં મુદ્દા પર વાતચીત કરશે. જુલાઈ મહિનામાં કેબિનેટે અભિપ્રાય મેળવવાનાં હેતુસર આ મામલો ઈજીઓએમને સોંપી દીધો હતો. ઈજીઓએમ દ્વારા આ મામલે નિર્ણય મૌકુફ કરી દેવામાં આવ્યો હતો. રાષ્ટ્રપતિનાં રિફરન્સનાં પરિણામ સુધી મામલો રોકી દેવાયો હતો.

## હજ માટે ૨૮૦૦૦ ભારતીયો સાઉદી અરેબિયા પહોંચ્યા છે

નવી દિલ્હી,તા. ૩૦

હજ યાત્રાને લઈને લોકોમાં જોરદાર ઉત્સાહ જોવા મળી રહ્યો છે. અખાતમાં ભારતીય મિશનના અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે ભારતના જુદા જુદા ભાગોમાંથી ૨૮૦૦૦થી વધારે લોકો સાઉદી અરેબિયામાં પહોંચી ગયા છે. ભારતીય લોકો પહેલાથી પહોંચી જઈને યોગ્ય વ્યવસ્થા કરવામાં લાગેલા છે. ભારતના જિદ્દાહ કોન્સ્યુલેટના જણાવ્યા મુજબ ભારતમાંથી હજ યાત્રીઓ ૧૭મી સપ્ટેમ્બરથી પહોંચવા લાગી ગયા છે. જિદ્દાહ અને મદીના એરપોર્ટ ખાતે ૧૭મી સપ્ટેમ્બરથી લોકો પહોંચી રહ્યા છે. સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે કોલકત્તાથી ૪૦૦થી વધારે લોકોને લઈને પ્રથમ ફલાઈટ ૧૭મી સપ્ટેમ્બરના દિવસે જિદ્દાહ પહોંચી હતી. જિદ્દાહમાં ભારતના કાઉન્સીલ જનરલ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કોન્સ્યુલેટના અધિકારીઓએ કહ્યું છે કે ૫૦૦થી વધારે નિષ્ણાંત લોકોને ભારત સરકાર દ્વારા મોકલી દેવામાં આવ્યા છે. જેમાં ૧૧૭ તબીબો અને ૧૪૩ અર્ધ તબીબોનો સમાવેશ થાય છે. ભારતીય મિશન તમામ પ્રકારની સુવિધા આપવામાં વ્યસ્ત છે. મક્કામાં ૧૨ બ્રાન્ચ ઓફિસ પણ સ્થાપિત કરવામાં આવી છે. જ્યારે અન્ય પાંચ શાખા મદીનામાં પણ સ્થાપિત કરવામાં આવી છે. જ્યારે અધિકારીઓ અને સ્થાનિક કર્મચારીઓ પણ ગોઠવી દેવામાં આવ્યા છે. ભારતીય લોકોની તમામ પ્રકારની તકલીફને દુર કરવાની ખાતરી કરવામાં આવી રહી છે. ત્રણ ભારતીય હોસ્પિટલ પણ સક્રિય કરવામાં આવી છે. જેમાં મક્કામાં બે હોસ્પિટલનો સમાવેશ થાય છે. મદીનામાં એક હોસ્પિટલનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે ૨૪ કલાક લોકોને જરૂરી સુવિધા આપશે. હજુ સુધી ૬૦૦૦ લોકોને સારવાર પણ આપી દેવામાં આવી છે. આ હોસ્પિટલોને તમામ સાવચેતી રાખવાની સુચના આપવામાં આવી છે. મોટી વયના લોકોની તબીબો દ્વારા ચકાસણી કરવામાં આવનાર છે. તમામ પ્રકારની તૈયારી પહેલાથી રાખવામાં આવી છે. ભારતીય લોકો વધારે ઉત્સાહિત દેખાઈ રહ્યા છે.

**જિદ્દાહ- મદીના એરપોર્ટે ૧૭થી સપ્ટેમ્બરથી ભારતીય લોકો પહોંચી રહ્યા છે : ભારતીય લોકોમાં ભારે ઉત્સાહ**

### શબ્દ સમીપે... (પાના નં. ૪ નું ચાલુ)

મૂળભૂત પ્રાણી અધિકારોની રક્ષા નહીં કરીએ તો વિશ્વમાં આપણી છબિ કેવી પડશે.'

ત્યારે સસલું કહે છે કે, 'કયાં સુધી તમે દેશને નકલી વાંદરાવાદના નામે ઉલ્લું બનાવ્યાં કરશો? તમે તમને અનુકૂળ આવે એ રીતે વાંદરાને નામે પ્રાણીઓની લાગણીઓ સાથે રમી રહ્યાં છો. અને એ રીતે આ નવી શાસન-વ્યવસ્થાને એક કઠપુતળી જ બનાવી દીધી છે. હું એવું સ્પષ્ટ માનું છું કે આ નવી શાસન વ્યવસ્થા રાજ્યને મજબૂત બનાવવા, એ મજબતી ને ટકાવી રાખવા, રાજ્યના રહીશોના કલ્યાણ માટે અને સર્વને સુરક્ષા અને સલામતી પુરી પાડવા માટે અમલમાં આવી હતી. આપણે શાસનના એ સઘળાં મૂળભૂત સિધ્ધાંતોને નેવે મુકી દીધા છે. અને જેમની શ્રધ્ધા હિંસામાં છે એવા પ્રાણીઓનાં અધિકારો માટેની તમારી ચિંતાની વાત કઈ રીતે યોગ્ય છે? આવા પ્રાણી અધિકારો જાળવવાની આંધળી દોટમાં, સમાજના વિશાળ વર્ગના અધિકારો જ નહીં, એમનું અસ્તિત્વ પણ જોખમમાં છે. એ નક્કી કરવાનો સમય પાકી ગયો છે કે કોના અધિકારો વધારે અગત્યના છે... આપણી પહેલી ફરજ એ છે કે પ્રાણી મુલ્યોમાં આસ્થા ન ધરાવતાં પ્રાણીઓનાં પ્રાણી અધિકારોની ચિંતા છોડી આવાં તત્ત્વોને મજબૂત હાથે કચડી નાંખીએ... અને તમારા માટે અગત્યનું શું છે? આપણો દેશ કે આપણી છબિ? વિશ્વમાં આપણી છબિ કેવી દેખાશે એવું વિચારી નીતિઓ નક્કી કરવા ને બદલે આપણે આપણી નીતિઓ દેશ અને દેશવાસીઓના કલ્યાણને ધ્યાનમાં રાખીને બનાવવી જોઈએ. અને હવે આપણાં સંશોધનો એમના માટે વાપરી રહ્યા છીએ જેમની આ દેશ માટે વફાદારી શંકાસ્પદ છે.'

આવી અનેક વાતો આપણને આ પુસ્તકમાં મળે છે જે દ્વારા લેખકોએ પ્રશ્ન ઉઠાવ્યો છે કે જંગલરાજમાં પ્રજાસત્તા અસરકારક નિવડી શકે? અહીં જંગલ ભલે એક પ્રતિક રૂપે આવતું હોય આપણી શાસન વ્યવસ્થા અને શાસકોના કાવાદાવાઓને પ્રાણીઓના મુખે સંવાદો મુકીને ખુબ પ્રભાવક રીતે મુકી આપ્યા છે.

'જંગલ પ્રજાસત્તાક' પુસ્તકના લેખકો મુકેશ મોદી અને વિક્રમ નરેન્દ્ર સાહિત્ય જગતમાં બહુ જાણીતા નામો નથી પણ તેમને જે વાતો અને રજૂઆત કરી છે તે અદ્ભૂત છે તેમ પુસ્તકમાંથી પસાર થતાં કહ્યા વિના રહેવાય નહીં તેવું છે. સાંપ્રત પરિસ્થિતિનો સુંદર ચિતાર આપતું આ પુસ્તક વાંચવું ગમે તેવું અને વાંચકને વિચારતાં કરી મુકે તેવું છે.

**જંગલ પ્રજાસત્તાક (વર્તમાન પ્રાણીકથા)**
**લેખકો - વિક્રમ નરેન્દ્ર, મુકેશ મોદી,**
**પ્રકાશક - WBG પબ્લીકેશન્સ**
**એ-૩૧, રાધિકા બંગ્લોઝ, શુકન બંગ્લોઝની બાજુમાં નિકોલ, નવા નરોડા, અમદાવાદ. કિંમત - રૂા. ૯૫/-, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૨**

### નર્સ... એક પ્રેતકથા (પાના નં. ૪ નું ચાલુ)

ત્યાં બેડરૂમનું બારણું બહારથી કોઈકે ખખડાવ્યું શિલ્પા હશે તેમ માની સૂરજ બોલ્યો, 'બારણું ખુલ્લું જ છે.' અને બારણું ધીરેથી ખૂલ્યું. સૂરજની નજર બારણામાં ગઈ. અને સૂરજથી રાડ પડાઈ ગઈ. ગભરાઈને બૂમ પાડી ઉઠ્યો. કારણ કે બારણામાં મોનિકા ઉભી હતી. ખૂન્નસ ભરે ચહેરે અને ડરામણી માંજરી આંખે તે સૂરજ તરફ ધસી. સૂરજ લગભગ બેહોશ બની ગયો. દોડતી શિલ્પા આપી. સૂરજને બેભાન જોઈ તે ભયભીત થઈ ગઈ. તેનું મન તેને પૂછતું હતું, કેમ આમ થયું હશે? શિલ્પાને મોનિકાના આગમનની ખબર જ ન હતી. થોડી વારે સૂરજ ભાનમાં આવ્યો. તે ખૂબ ગભરાયેલો લાગતો હતો. શિલ્પાના વારંવાર પૂછાતાં પ્રશ્નોનો તે જવાબ આપી શકવા જેટલો હિંમતવાન ન હતો. તેનું મગજ કામ કરતું ન હતું. તેને હજુ મોનિકા વિશે શંકા હતી. શું તેણે જોયું તે ખરેખર મોનિકાનું પ્રેત હતું?

માંડ માંડ સૂરજ સૂઈ ગયો. શિલ્પાબેન પણ ચિંતાગ્રસ્ત રીતે પથારી ભેગાં થયાં અને માથે ઓઢી સૂઈ ગયા.

મોડી રાત્રીનો સમય જઈ રહ્યો હતો. સૂરજ અને શિલ્પા સૂઈ રહ્યાં હતા. ત્યારે રૂમના અંધારા ખૂણામાં કોઈક ઊભું હતું અને તેના હાથમાં તેજ કાતર હતી. ખૂન્નસ ભરી આંખે અને માંજરી આંખે તે ઓળો સૂરજ તરફ ખસતો હતો...

(ક્રમશ : ...વધુ આવતાં અંકે)

## ભારતમાં મોટા ભાગના વૃદ્ધ લોકોની સતત ઉપેક્ષા થાય છે

### ભારતમાં ૬૦ વર્ષ અથવા તો વધુ વયની વસ્તીના આશરે ૩૧ પરિવાર તરફથી અપમાનનો સામનો કરે છે : રિપોર્ટ

નવી દિલ્હી,તા. ૩૦

ભારતમાં મોટી વયના લોકોની સ્થિતી અંગે ચિંતાજનક ચિત્ર અભ્યાસ બાદ સપાટીએ આવ્યું છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ભારતમાં મોટા ભાગના મોટી વયના લોકોની તેમના પરિવારના સભ્યો તરફથી જ સતત ઉપેક્ષા કરવામાં આવે છે. તેમનું વારંવાર અપમાન કરવામાં આવે છે. ભારતમાં ૬૦ વર્ષ અથવા તો તેનાથી વધુ વયની વસ્તીના આશરે ૩૧ ટકા લોકોને પોતાના પરિવાર તરફથી નારાજગીનો સામનો કરવો પડે છે. એક નવા અભ્યાસમાં આમુજબ દુખદ બાબત સપાટીએ આવી છે. આમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે અપમાન કરનાર અને ઉપેક્ષા કરનાર અન્ય કોઈ નહી બલ્કે પોતાના પુત્રો જ હોય છે. હેલ્પેએજ ઈન્ડિયા તરફથી અભ્યાસની આ કામગારી કુલ ૨૦ શહેરોને આવરી લઈને કરવામાં આવી હતી. જેમાં કુલ ૫૬૦૦ લોકોએ ભાગ લીધો હતો.

આ અભ્યાસમાં જાણવા મળ્યું કે અપમાનિત કરવામાં આવેલા ૭૫ ટકા લોકો પોતાના પરિવારની સાથે જ રહે છે. જ્યારે ૬૯ ટકા લોકો પોતાના મકાનના માલિક પોતે છે. જેમાં તેમના પરિવારના સભ્યો રહે છે તે મકાનમાં જ તેમને અપમાનનો સામનો કરવો પડે છે. અભ્યાસમાં આંકડા દર્શાવે છે કે મોટી વયના લોકોને અપમાનિત કરનાર લોકોમાં તેમના પુત્રો સૌથી આગળ રહ્યા છે. તેમની ટકાવારી ૫૬ ટકાની આસપાસ છે. જ્યારે પુત્રવધુ દ્વારા અપમાન કરનારની ટકાવારી પણ ખુબ ઉંચી છે. પુત્રવધુની ટકાવારી ૨૬ ટકાની આસપાસ છે. ૩૦ ટકા વૃદ્ધ મહિલાઓએ અને ૨૬ ટકા પુરૂષોએ કહ્યું છે કે તેઓ તેમના પુત્ર દ્વારા જ અપમાનનો શિકાર થયા છે. આવી જ રીતે ૧૫ ટકા વૃદ્ધ મહિલાઓ અને આઠ ટકા વૃદ્ધ પુરૂષોએ તેમની પુત્રવધુ મારફતે અપમાનિત થયા હોવાની વાત કરી છે. અભ્યાસના તારણોને લઈને નિષ્ણાંતો પણ અલગ મત ધરાવતા નથી.